**ક્રમાંક–૧૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**શુક્રવાર, તા. ૧૩મી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા.૧૩મી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો તારાંકિત પ્રશ્ન અગ્રતા ક્રમ–૧ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા તારાંકિત પ્રશ્નો અગ્રતાક્રમ ૧૦થી ૨૩૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૨) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૩) ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર**

(૪) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર**

(૫) ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્ય કક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે**

**૩. વિરામનો સમય વધારવા અંગે**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ આજે રાજ્યસભાના ઉમેદવારોના ફોર્મ ભરવાના હોવાથી વિરામનો સમય બપોરના ૧૨.૦૦થી ૧.૦૦ સુધી રાખવાની દરખાસ્ત કરતાં, વિપક્ષના દંડકશ્રી અશ્વિનભાઇ કોટવાલે સંમતિ આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તે મુજબ વિરામનો સમય વધારવાની જાહેરાત કરી.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો (ક્રમશઃ)**

(૬) ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય નાયબ મુખ્યમંત્રીવતી શ્રી આર.સી.ફળદુ**

(૭) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સન ૨૦૧૮–૧૯ના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબ

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૮) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના, સન ૨૦૧૪ના માર્ગ વિક્રેતા (આજીવિકા સંરક્ષણ અને માર્ગ વેચાણનું વિનિયમન) અધિનિયમ અન્વયેના,
તા.૧૦–૧૨–૨૦૧૮ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એચ/૨૦૧૮નો ૧૭૭/એનએલએમ/૧૦૨૦૧૬/૩૦૮/એચ, તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીવતી શ્રી આર.સી.ફળદુ**

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૯ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, ક્લાઇમેટ ચેન્જ વિભાગને લગતી સેવા અંગેની ક્લાઇમેટ ચેન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૭ ક્લાઇમેટ ચેન્જ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૪ માહિતી અને પ્રસારણ વિભાગના માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯ તથા શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૪, ૫ અને ૬, માગણી ક્રમાંક–૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૭, ૮, ૯, ૧૦ અને ૧૧, માગણી ક્રમાંક–૫૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬, માગણી ક્રમાંક–૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧ અને ૫૨ તથા માગણી ક્રમાંક–૧૦ પરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૩ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. કીરીટકુમાર પટેલ
(૨) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૩) શ્રી વિક્રમભાઇ માડમ
(૪) શ્રી રાકેશભાઇ શાહ
(૫) ડો. સી.જે.ચાવડા
(૬) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૭) શ્રી અરવિંદ છો.પટેલ

**વિરામ બપોરના ૧૨.૦૦થી ૦૧.૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રી બ્રિજેશ મેરજા
(૯) શ્રી રાઘવભાઇ મકવાણા
(૧૦) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા
(૧૧) ડો.આશાબેન પટેલ
(૧૨) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૧૩) શ્રીમતી મનિષા વકીલ
(૧૪) શ્રી ગુલાબસિંહ રાજપૂત
(૧૫) શ્રી કનુભાઇ દેસાઇ
(૧૬) શ્રી અનંતભાઇ પટેલ
(૧૭) શ્રી કુબેરભાઇ ડીંડોર
(૧૮) શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર
(૧૯) શ્રી રાજેશભાઇ ગોહીલ
(૨૦) શ્રી જશુભાઇ પટેલ

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક– ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨ અને ૫૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૮૯, ૧૦૭, ૫૪, ૯ અને ૧૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, સોમવાર, તા. ૧૬મી માર્ચ ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨.૫૭ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૩મી માર્ચ , ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**